Extra No. 154

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **FRIDAY, JUNE 12, 2026 / JYAISTHA 22, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર ક્રમાંક: વહટ/સીબી-૩/ફાયરીંગબટ-જાહેરનામું/૩૮૩૬/૨૦૨૬, તા.૨૪.૦૪.૨૦૨૬

(૨) ગુજરત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ)

-: જાહેરનામું:-

નં.ડી.સી./એમ.એ.જી./વશી/૨૦૬/૨૦૨૬ - અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ગામના સ.નં.૫૪માં ફાયરીંગ બટ આવેલો છે. વંચાણે લીધેલ પત્ર-૧ બટમાં અરવલ્લી જિલ્લાની LCB/SOG/QRT શાખામાં ફરજ બજાવતા પોલીસ અધિકારી/કર્મચારીઓ માટે વાર્ષીક ફાયરીંગ પ્રેક્ટીસ કરવા માટે તા.૦૭.૦૫.૨૦૨૬ થી તા.૩૦.૦૬.૨૦૨૬ સુધી ફાયરીંગ બટ ઉપર ફાયરીંગ લેવામાં આવે તે દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે અગમચેતીના પગલાં રૂપે ફાયરીંગ બટની આજુબાજુના રાહદારીઓ તેમજ વાહનોના પ્રવેશવા સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે પ્રવેશબંધી ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

આથી હું પ્રશસ્તિ પારીક (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩-(૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના માંકરોડા (ગંભીરપુરા) ખાતેના બટ ઉપર અરવલ્લી જિલ્લાની LCB/SOG/QRT શાખામાં ફરજ બજાવતા પોલીસ અધિકારી/કર્મચારીઓ માટે વાર્ષીક ફાયરીંગ પ્રેકટીસ કરવાનું હોઈ ઉકત બટ વિસ્તારની જમીનની આજુબાજુના ૧.૬ કિ.મી.ની ત્રિજયાના વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિએ તા.૦૭.૦૫.૨૦૨૬ થી તા.૩૦.૦૬.૨૦૨૬ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો કે કરાવવો નહીં તેમજ ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહીં.

વધુમાં ફરમાવું છું કે, આ જાહેરનામાથી સ્થાનિકો અવગત થઈ શકે તથા અકસ્માત નિવારી શકાય તે માટે પોલીસ ખાતા દ્વારા પ્રચાર બોર્ડ મૂકવા તથા ફાયરીંગના સમય દરમિયાન ચોકી/નાકા બંધી કરવી.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અને

ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ફરિયાદ માંડવા ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તાધિકારીઓને આથી અધિકૃત કરવામાં આવે છે.

બિનઅધિકૃત પ્રવેશથી જો કોઈ નુકશાન થશે તો કોઇ પણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહીં.

આજ તા.૪થી મે.૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:

(૧) મુ.ઈ.(ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: s-32/2024/93842/D, તા.૨૩/૧૨/૨૦૨૪

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર ક્રમાંક: ટ્રાફિક/જાહેરનામું/૫૮૨/૨૦૨૪, તા. ૦૨/૦૯/૨૦૨૪

(૩) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, બાયડના પત્ર નં. પીઓએલ/SH-59/ટ્રાફિક/વશી/૩૭૦/૨૦૨૪, તા. ૧૨/૦૯/૨૦૨૪

(૪) મોટર વ્હીકલ અધિનિયમ-૧૯૮૮

(૫)અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૭ થી ૨૨/૨૦૨૫,તા. ૦૨/૦૧/૨૦૨૫

(૬)અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૧૬૦ થી ૧૭૦/૨૦૨૫, તા. ૦૩/૦૨/૨૦૨૫

(૭) મુ.ઈ.(ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: 5-32 /2024/93842/D, ૦૧/૦૩/૨૦૨૫

(૮) અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૨૨૮ થી ૨૩૮/૨૦૨૫, તા.૦૫/૦૩/૨૦૨૫

(૯) અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૪૦૯/૨૦૨૫, તા.૦૬/૦૫/૨૦૨૫

(૧૦) અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૪૯૯/૨૦૨૫, તા.૧૦/૦૬/૨૦૨૫

(૧૧) અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૬૬૧/૨૦૨૫, તા.૦૮/૦૮/૨૦૨૫

(૧૨) અત્રેની કચેરીના જાહેરનામા નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૮૪૭/૨૦૨૫, તા.૧૩.૧૦.૨૦૨૫

(૧૩) અત્રેની કચેરીના જાહેરનામા નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૮૮૪/૨૦૨૫, તા.૧૦.૧૧.૨૦૨૫

(૧૪) અત્રેની કચેરીના જાહેરનામા નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૭/૨૦૨૬, તા.૦૯.૦૧.૨૦૨૬

(૧૫) અત્રેની કચેરીના જાહેરનામા નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૧૧૮/૨૦૨૬

જાહેરનામું

નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૨૨૮/૨૦૨૬ - નવરચિત અરવલ્લી જિલ્લાનું મુખ્ય મથક મોડાસા વહિવટી કેન્દ્ર, શૈક્ષણિક કેન્દ્ર હોવાના નાતે જિલ્લાના તમામ વિભાગની સરકારી વડી કચેરીઓ અત્રે આવેલ હોઈ તેમજ શહેરના ઝડપથી થતા વિકાસના કારણે જાહેર રોડ ઉપર ટ્રાફિકની ગીચતા દિન પ્રતિદિન વધતી જાય છે. વધુમાં, અરવલ્લી જિલ્લાને રાજસ્થાન રાજ્યની સરહદ સ્પર્શતી હોઈ પરપ્રાંતિય વાહનોનું વ્યાપક પ્રમાણમાં અત્રેના જિલ્લામાં આવાગમન થઈ રહેલ છે.

અત્રેના જિલ્લામાંથી વડોદરા-મુંબઈ તરફ અવર-જવર કરવા મુખ્યત્વે SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) તથા SH-5 (મોડાસા-ગોધરા) સ્ટેટ હાઈવે ઉપલબ્ધ છે. પરંતુ SH-5 (મોડાસા-ગોધરા) ટોલ-વે હોઈ ટેક્સ બચાવવા રાજ્ય બહારના વાહનો SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) હાઈવેનો વધુ ઉપયોગ કરતા હોવાથી તે સ્ટેટ હાઈવે પર વ્યાપક પ્રમાણમાં ટ્રાફિક તથા તેના કારણે અવાર-નવાર અકસ્માતો થતા હોવાની રજુઆતો લોકો તરફથી અત્રેને મળેલ. જે અન્વયે જિલ્લા કક્ષાએ મળતી ટ્રાફિક સલાહકાર સમિતિ/પોલીસ સલાહકાર સમિતિમાં પણ ચર્ચા હાથ ધરી SH-59 હાઈવે પર વધતી જતી ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ લાવવા વિચારણા થયેલ. વધુમાં સદર બાબતે રાજ્ય સ્વાગતમાં પણ રજુઆત થયેલ છે.

જેના અનુસંધાને સંદર્ભ-૧ થી મળેલ સુચના તથા સંદર્ભ-૨ અને ૩ થી મળેલ અભિપ્રાય ધ્યાને લઈ સંદર્ભ-૪ની જોગવાઈઓ મુજબ સંદર્ભ-૫ થી સવારના ૦૮:૦૦ કલાક થી રાત્રિના ૦૮:૦૦ કલાક સુધી “SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ)હાઈવે પરથી અવર-જવર પ્રતિબંધ ફરમાવી સદર વાહનોને અવર-જવર કરવા તેના વૈકલ્પિક ચારમાર્ગીય (ફોરલેન) સ્ટેટ હાઈવે-૦૫ (મોડાસા-માલપુર-લુણાવાડા-ગોધરા) અથવા નેશનલ હાઈવે નં.૪૮(શામળાજી-હિંમતનગર-ચીલોડા) પૈકી પસંદ કરેલ માર્ગ પરથી પ્રવેશ કરવા અંગે એક માસ માટે જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું. જે સંદર્ભ-૬,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪ અને ૧૫ થી વખતો-વખત જાહેરનામાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જાહેર જનતાની સલામતી ધ્યાને લઈ SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) હાઈવે પર અકસ્માતો ઘટાડવાના પ્રયત્નોને ધ્યાને લઈને વધુ સમય માટે SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) હાઈવે પર ભારે વાહનોના કારણે વધેલ ટ્રાફિક ભારણને અંકુશમાં લાવવા, ટ્રાફિક સમસ્યાઓ/ગંભીર અકસ્માતો નિવારવા, ધાર્મિક પ્રસંગો દરમ્યાન પગપાળા ચાલતા શ્રધ્ધાળુઓની સગવડ/સલામતી સાચવવા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ પ્રાથમિક જાહેરનામું જાહેર હિતમાં અમલમાં રાખવું ઉચિત જણાય છે.

આથી હું પ્રશસ્તિ પારીક, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મળેલ સત્તાની રૂએ:

"મોટર વ્હીકલ એકટ-૧૯૮૮ મુજબ ભારે વાહનની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતા તમામ પ્રકારના નોંધાયેલા ભારે વાહનોને પ્રાયોગિક ધોરણે તા.૧૧.૦૫.૨૦૨૬ થી તા.૦૯.૦૭.૨૦૨૬ સુધી સવારના ૦૮:૦૦ કલાક થી રાત્રિના ૦૮:૦૦ કલાક સુધી " સ્ટેટ હાઈવે-૫૯ (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) હાઈવે પરથી અવર-જવર પ્રતિબંધ ફરમાવી સદર વાહનોને અવરજવર કરવા તેના વૈકલ્પિક ચારમાર્ગીય (ફોરલેન) સ્ટેટ હાઈવે-૦૫ (મોડાસા-માલપુર-લુણાવાડા-ગોધરા) અથવા નેશનલ હાઈવે નં. ૪૮ (શામળાજી-હિંમતનગર-ચીલોડા) પૈકી પસંદ કરેલ માર્ગ પરથી પ્રવેશ કરવા અંગે આદેશ ફરમાવું છું."

અપવાદ

સરકારી વાહનો, એસ.ટી. નિગમની બસો, ઈમરજન્સી વાહનો, સ્કુલવાન, દુધવાહન, એમ્બ્યુલન્સ, કાર્યક્રમમાં પધારનાર ભારે વાહનો તથા અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ GJ-09 તથા GJ-31 સિરીઝના સ્થાનિક ભારે વાહનોને સ્ટેટ હાઈવે નંબર-૫૯ (મોડાસા-ધનસુરા-બાયડ) પરથી અવર-જવર માટે મુક્તિ આપવામાં આવે છે.

વધુમાં જરૂરીયાત મુજબના વાહનોએ સક્ષમ અધિકારીશ્રી, આર.ટી.ઓ., મોડાસાની પરવાનગી મેળવવાની રહેશે.

આ જાહેરનામાની તાત્કાલિક અસરથી અમલવારી કરવાની રહેશે. તથા હુકમનો ભંગ કે ઉલ્લઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ હેઠળ કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આ માટે ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ અધિકારીશ્રી હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૪થી મે.૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધું :

(૧) સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા.૨૨.૦૯.૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક:જીજી-૧૧૫-સીઆરસી-૩૨૯૯-૪૯૪૪-મ.

(૨) રાજ્ય ચૂંટણી આયોગના પત્ર ક્રમાંક: રાચઆ-ચટણ-નપલ-ચઅન-આર.ઓ.-૮(૧૧)-૦૩૨૦૨૬-ક ૬૪૯૨ થી ૬૫૪૩, તા.૧૨.૦૩.૨૦૨૬

(૩) રાજ્ય ચૂંટણી આયોગના પત્ર ક્રમાંક: રાચઆ/ચટણ/જિ.પં./તા.પં./યુ-૧૦/આરઓ-એઆરઓ/૨૦૨૬, તા.૨૦.૦૩.૨૦૨૬

(૪) મામલતદારશ્રી ચૂંટણી, મોડાસાના પત્ર નં.વીપી ચૂંટણી/વશી/૦૪/૨૦૨૬, તા.૨૦.૦૪.૨૦૨૬

-:હુકમ:-

નં.એમ.એ.જી./ચૂંટણી/ખાસ કા.મે. /વશી/૧૮૩/૨૦૨૬ ગુજરાતના રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મહાનગરપાલિકા/નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાનાર છે. જેનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે. વંચાણે લીધેલ-૧થી રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ જાહેર થાય ત્યારે આ ચૂંટણી જે તારીખે યોજાવાની હોય તે તારીખ અગાઉના ૭(સાત) દિવસથી વધુ નહીં તેટલા સમયથી માંડીને ચૂંટણીની પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધીના જ સમયગાળા માટે સંબંધિત જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા નિમવામાં આવેલ વર્ગ-૨ થી નીચેના સંવર્ગના ન હોય તેવા તમામ ચૂંટણી અધિકારીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ, ઝોનલ અધિકારીઓ ખાસ ઝોનલ અધિકારીઓ અને રીઝર્વ ઝોનલ અધિકારીઓ તથા સેક્ટર મેજિસ્ટ્રેટથીઓ સંબંધિત જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા જે વિસ્તાર માટે અને જે નિશ્ચીત સમયગાળા માટે નિમણૂંક કરવામાં આવી હોય તે વિસ્તાર અને તે સમયગાળા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૫ હેઠળ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૧૬૩ ના અધિકારો ભોગવશે. તેમ જણાવેલ છે.

સબબ, આ સાથે સામેલ પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના અધિકારીઓને તેઓના અધિકાર ક્ષેત્રમાં આ જાહેરનામાથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના અધિકારો ભોગવવા * નીચેની શરતોને આધીન નિમણૂક આપવા હુકમ કરવામાં આવે છે.

શરતો :

- આ અધિકારો ફકત ચૂંટણી સબંધીત કામગીરી માટે જ આપવામાં આવે છે. તેનો યોગ્ય સમયે જ ઉપયોગ કરવાનો રહેશે, તે સિવાય અન્ય કોઈ કામે ઉપયોગ કરી શકાશે નહિ.
- જે વિસ્તાર માટે ચૂંટણી કામગીરી કરવા નિમણુંક આપેલ હોય તે જ વિસ્તાર માટે જ અને નિયત સમય સુધી જ આ સત્તાનો ઉપયોગ કરી શકાશે.
- ઉકત હુકમથી મળેલ સત્તાનો ઉપયોગ વિવેક પૂર્વક કરવાનો રહેશે.

પરિશિષ્ટ-૧	
ક્રમ	ઝોનલ અધિકારીશ્રીનું નામ
૧	શ્રી.આઈ.કે.રાઠોડ, ના.કા.ઈ પા.પુ. મો. ૯૯૨૫૬૮૪૫૪૫
૨	શ્રી એમ.એફ. મલેક, મ.ઇ. પા.પુ.ગવ્ય બોર્ડ મો.નં. ૭૬૯૮૮૨૧૪૯૬
૩	શ્રી એ.ઝેડ કુંવર, આદિવાસી આર્ટસ & કોમર્સ કોલેજ ભિલોડા મો. ૯૬૮૭૭૬૩૩૭૯
૪	શ્રી અમીત એ. સોલંકી, અ.મ.ઇ. યાંત્રિક મો.નં. ૯૪૨૧૭૩૭૪૭૫૮
૫	શ્રી ડૉ. એન.જે. ચૌધરી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક મકાઇ સશોધન કેન્દ્ર, ભિલોડા, મો.નં. ૭૬૦૦૬૫૪૯૦૭
૬	શ્રી ડૉ તુષાર ટી. બારિયા મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક મકાઈ સંશોધન કેન્દ્ર મો. ૯૦૯૯૧૪૯૩૪૧
૭	શ્રી એસ.કે.પટેલ ના.કા.ઈ.પા.પુ.ગ.બોર્ડ મો. ૯૯૭૮૪૪૨૬૩૯
૮	શ્રી રાઠોડ દિપક નલીનભાઇ , આચાર્યશ્રી આઇ.ટી.આઇ. મો. ૯૯૯૮૧૯૬૧૩૦
૯	શ્રી એમ.એમ.નીનામા ના.કા.ઈ. મો. ૯૭૨૭૬૬૪૫૦૦
૧૦	શ્રી ભાવિન એન. પટેલ, મ.ઇ. યાંત્રિક મો.નં. ૮૮૪૯૪૫૮૪૩૦
૧૧	શ્રી અનીલભાઇ પ્રાણશંકર ભટ્ટ, આચાર્યશ્રી, જે.એમ. તન્ના હાઇસ્કુલ, વાંકાનેર મોનં. ૯૪૨૮૧૯૯૪૩૧

૧૨	શ્રી એમ.એ.પરમાર, વિસ્તરણ અધિકારી ખેતીવાડી મો.નં. ૯૪૨૯૩૧૦૪૨૦
૧૩	શ્રી સંજ્ય બી પરમાર, આદિવાસી આર્ટસ & કોમર્સ કોલેજ ભિલોડા મો. ૯૬૩૮૧૭૮૩૬૩
૧૪	શ્રી નયયકુમાર એમ. સુંદરવા, આદિવાસી આર્ટસ & કોમર્સ કોલેજ ભિલોડા મો. ૯૬૬૨૨૫૫૭૨૮
૧૫	શ્રી પીનાકીન પટેલ આચાર્ય, ટોરડા હાઈસ્કુલ મો. ૯૪૨૮૪૮૨૯૮૧
૧૬	શ્રી જે.આર.ડોઢા, ખેતીવાડી અધિકારી મકાઇ સશોધન કેન્દ્ર, ભિલોડા મો.નં. ૮૧૪૧૮૯૩૯૭૯
૧૭	શ્રી એન.જે. પંચાલ, મ.ઇ. મો.નં. ૯૭૨૪૦૦૭૮૭૭
૧૮	શ્રી ડી.બી. ચૌબીસા, આદિવાસી આર્ટસ & કોમર્સ કોલેજ ભિલોડા મો. ૯૪૨૭૫૬૫૦૧૪
૧૯	શ્રી શૈલેશ કે પટેલ, આદિવાસી આર્ટસ & કોમર્સ કોલેજ ભિલોડા મો. ૯૬૬૪૫૮૭૩૬૮
૨૦	શ્રી ચિરાગભાઈ પટેલ નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી માર્ગ અને મકાન(પંચાયત) ભિલોડા મો.નં. ૯૯૯૮૦૧૧૩૫૫
૨૧	શ્રી હસમુખભાઇ દરજી, આંકડા મદદનીશ, આઇ.સી.ડી.એસ. ભિલોડા મો.નં. ૯૮૨૪૪૭૫૭૩૯
૨૨	શ્રી હિતેશકુમાર શામળભાઇ પટેલ મુખ્ય શિક્ષક પીપરાણા હાઇસ્કુલ મો.નં-૯૯૨૪૯૬૪૦૫૯
૨૩	શ્રી ધરમેંદ્રસિંહ વાઘેલા મ.શિ મો.નં. ૯૪૨૮૬૪૬૧૭૦
૨૪	શ્રી કુંદનકુમાર ગણેશભાઇ પટેલ આચાર્ય જાલમપુર હાઇસ્કૂલ મો.નં.૯૮૭૯૭૨૦૮૩૮

૨૫	શ્રી રાયસિંગભાઇ પરમાર વિ.અધિ. પંચ મો.નં. ૯૯૭૮૧૪૨૯૭૧
૨૬	શ્રી પુનાભાઇ કે વાદી મુખ્ય શિક્ષક ગાજણ હાઇસ્કુલ મો.નં. ૯૪૨૮૬૯૦૮૩૬
૨૭	શ્રી ભરતભાઇ જેઠાભાઇ પટેલ આચાર્ય હરિઓમ વિધ્યાલય માલપુર મો.નં. ૯૮૭૯૫૯૦૬૪૯
૨૮	શ્રી સૌરભભાઇ ગોર આચાર્ય પી.જી મહેતા હાઈસ્કૂલ માલપુર મો.નં. ૯૪૨૮૩૧૨૫૯૮
૨૯	શ્રી એ.આર પટેલ મુ.શિ મોડલ સ્કૂલ જેશીંગપુર મો.નં. ૯૪૨૭૮૬૬૭૭૪
૩૦	શ્રી ધરમેંદ્રભાઇ ત્રિવેદી આચાર્ય નાથાવાસ પ્રા.શાળા મો.નં. ૯૪૨૭૦૮૦૭૫૪
૩૧	શ્રી દિલીપભાઇ પટેલ વિ.અધિ. ખેતી મો.નં. ૯૨૬૫૭૮૦૧૨૯
૩૨	શ્રી સુરેશભાઇ જયંતિભાઇ પટેલ આચાર્ય પરસોડા હાઈસ્કૂલ મો.નં. ૬૩૫૨૫૬૧૫૦૦
૩૩	શ્રી જયેશભાઇ એન પટેલ આચાર્ય ટિસ્કી હાઈસ્કૂલ મો.નં.૮૯૮૦૯૮૮૦૦૬
૩૪	શ્રી જોષી નિલેશભાઇ કાન્તોલાલ મો.નં. ૯૯૭૯૩૮૨૯૩૭
૩૫	શ્રી હરેશભાઇ એચ પટેલ આચાર્ય મોડલ સ્કૂલ જેશીંગપુર મો.નં. ૮૨૦૦૫૧૭૩૮૩
૩૬	શ્રી એસ.એમ પટેલ આચાર્ય મેવડા હાઈસ્કૂલ મો.નં. ૮૧૪૦૨૩૨૬૫૮
૩૭	શ્રી બી.વી ખેરા ના.કા.ઇ યુ.જી.સી.એલ માલપુર મો.નં. ૯૮૭૯૨૦૧૭૧૧
૩૮	મનહરસિંહ એચ. પરમાર બી.આર.સી. માલપુર ૯૪૨૪૭૫૫૯૮૧

૩૯	રમેશકુમાર ડી પ્રજાપતિ સી.આર.સી. વાવડી ૯૮૭૯૦૮૧૬૦૬
૪૦	શ્રી કે.એલ.ઠાકોર ના.ઇ.શ્રી યુજીવીસીએલ ચોઈલા ૯૮૭૯૨૦૧૬૪૬
૪૧	શ્રી પી.આર.પંચાલ ના. ઇ. શ્રી યુ. જી. વી. સી. એલ. બાયડ ૯૮૭૯૨૦૧૬૩૧
૪૨	શ્રી અશ્વીનભાઇ તીરગર આસી.પ્રોફેસર સરકારી વિનયન કોલેજ બાયડ
૪૩	સુ.શ્રી કૃતિબેન પટેલ અ.મ.ઇ. માર્ગ અને મકાન ૯૪૨૭૬૮૮૧૩૨
૪૪	શ્રી આનંદ આચાર્ય આસી.પ્રોફેસર, સરકારી વિનયન કોલેજ, બાયડ ૯૯૯૮૯૯૯૩૩૧
૪૫	શ્રી જશંતવંત જી ઠાકોર, આર.એફ.ઓ. બાયડ ૯૭૨૩૭૬૭૪૨૫
૪૬	રાકેશકુમાર અંબાલાલ પટેલ પ્રિન્સીપાલ ગ્રામ સ્વરાજ ઉ.બુ વિદ્યાલય ડાભા ૯૪૨૮૧૩૬૯૧૧
૪૭	શ્રી આર.એચ.દોશી મ.ઈ સુ.સુ.સ્પે.કે.પે.વિ.નં.૩/૧ 9428363534
૪૮	શ્રી કે.આર.સુથાર ના.કા.ઇ.શ્રી. પા.પુ.બોર્ડ સીવીલ બાયડ ૯૯૭૯૧ ૫૮૯૧૯
૪૯	શ્રી સ્નેહલભાઇ પી પટેલ મ.ઇ. બાયડ સિંચાઇ પે.વિ.નં.૨ ૮૫૧૧૬૫૭૧૧૬
૫૦	ડો. પી.બી.પટેલ આસી.પ્રોફેસર, સરકારી વિનયન કોલેજ, બાયડ ૯૪૨૬૫૨૨૯૧૧
૫૧	શ્રી ડૉ. અબ્દુલસલીમ એ. શેખ અસોસીયેટ પ્રોફેસર સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ,મેઘરજ

૫૨	શ્રી અમૃતભાઈ એસ.પ્રજાપતિ અસોસીયેટ પ્રોફેસર સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ,મેઘરજ
૫૩	શ્રી રવિ દેવશંકર જાની આસીસ્ટંટ પ્રોફેસર સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ,મેઘરજ
૫૪	શ્રી દિનેશકુમાર એસ.શર્મા આસીસ્ટંટ પ્રોફેસર સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ,મેઘરજ
૫૫	શ્રી રજનીકાન્ત રામાંભાઈ રાઠોડ આસીસ્ટંટ પ્રોફેસર સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ,મેઘરજ
૫૬	ડૉ.દેવાંગ મહેતા મદદનીશ પ્રાધ્યાપક સરકારી બી.એડ. કોલેજ મેઘરજ
૫૭	ડૉ.મોહિન્દર રાજપુરોહિત મદદનીશ પ્રાધ્યાપક સરકારી બી.એડ. કોલેજ મેઘરજ
૫૮	ડૉ.સાગરભાઈ મહેતા મદદનીશ પ્રાધ્યાપક સરકારી બી.એડ. કોલેજ મેઘરજ
૫૯	શ્રી દિગ્વિજયભાઈ મકવાણા મદદનીશ પ્રાધ્યાપક સરકારી બી.એડ. કોલેજ મેઘરજ
૬૦	શ્રી ભરતભાઇ પટેલ મદદનીશ પ્રાધ્યાપક સરકારી બી.એડ. કોલેજ મેઘરજ
૬૧	શ્રી દિનેશભાઈ કે પરમાર આચાર્ય રામકૃષ્ણ ઉ.મા.વિદ્યાલય ભાટકોટા
૬૨	શ્રી કમલેશકુમાર કે પંચાલ આચાર્યશ્રી અન.યુ.બિહોલા પી.વી.એમ.હાઈસ્કુલ ઈસરી
૬૩	શ્રી અતુલકુમાર ટી ખરાડી આચાર્યશ્રી પાણીબાર વાંટા ગૃપ ઉ.બુ.વિદ્યાલય
૬૪	શ્રી અઝીઝભાઈ અકબરભાઈ ચૌહાણ આચાર્યશ્રી શ્રી જામગઢ હાઈસ્કુલ-જામગઢ
૬૫	શ્રી અલ્પેશભાઇ એસ. પ્રજાપતિ આચાર્ય આર.વી.હાઈસ્કુલ રામગઢી
૬૬	શ્રી જીતેન્દ્રભાઈ કે સુવેરા આચાર્યશ્રી રત્નદીપ ઉ.બુ.વિધ્યાલય કુણોલ
૬૭	શ્રી દર્શનભાઈ પરીખ આચાર્યશ્રી આદર્શ સરસ્વતી હાઈસ્કુલ મોટી પંડુલી

૬૮	શ્રી એન. એમ. પટેલ આચાર્ય શ્રી કર્મયોગ વિધાલય કુંભેરા
૬૯	શ્રી કટારા ક્લ્પેશભાઈ આર આચાર્યશ્રી જ્ઞાન જ્યોત વિદ્યાલય ગોરવાડા
૭૦	શ્રી હસમુખભાઈ આર પટેલ આચાર્ય ગ્રામ જ્યોત ઉ.બુ.વિદ્યાલય
૭૧	શ્રી પરમાર રણજીતસિંહ જે આચાર્યશ્રી મ.ગાંધી ઉ.બુ. વિદ્યાલય શણગાલ
૭૨	શ્રી સંજયકુમાર પી જોષી આચાર્યશ્રી પી.સી.એન.હાઈસ્કુલ મેઘરજ
૭૩	શ્રી રાકેશભાઈ કે લબાના આચાર્યશ્રી જ્યોતિ હાઈસ્કુલ સીસોદરા(અ)
૭૪	શ્રી ભાવેશભાઈ વી પટેલ આચાર્ય લોક મંગળ ઉ.બુ.વિદ્યાલય
૭૫	શ્રી મધુસુદન એમ. વ્યાસ આસી.પ્રોફે. આર્ટસ કોલેજ શામળાજી મો.૯૪૨૭૬૯૩૫૫૪
૭૬	શ્રી દલજીભાઈ સી. પટેલ આસી.પ્રોફે. આર્ટસ કોલેજ શામળાજી મો.૯૪૨૭૬૮૬૩૩૯
૭૭	શ્રી સમીરભાઇ આર. પટેલ આસી.પ્રોફે. આર્ટસ કોલેજ શામળાજી મો.૯૪૨૭૬૮૮૫૯૮
૭૮	શ્રી નીતીનભાઇ જે.રેંટીયા આસી.પ્રોફે. આર્ટસ કોલેજ શામળાજી મો.૯૪૨૭૦૭૫૫૪૫
૭૯	શ્રી ભરત આર. પટેલ આસી.પ્રોફે. આર્ટસ કોલેજ શામળાજી મો.૯૪૨૭૩૬૬૫૨૦
૮૦	શ્રી હેમંત એ. પટેલ આસી.પ્રોફે. આર્ટસ કોલેજ શામળાજી મો.૯૪૨૯૦૮૬૪૯૮
૮૧	શ્રી સંજયભાઇ એન. પંડ્યા આસી.પ્રોફે. આર્ટસ કોલેજ શામળાજી મો.૯૯૨૫૯૯૨૩૫૪
૮૨	શ્રી જીગ્નેશભાઇ ડી. કટારા આસી.પ્રોફે. આર્ટસ કોલેજ શામળાજી મો.૯૪૨૭૩૭૧૮૦૭
૮૩	સુશ્રી વર્ષાબેન એન.પટેલ આસી.પ્રોફે. આર્ટસ કોલેજ શામળાજી મો.૯૮૨૫૧૨૩૭૨૪

૮૪	સુશ્રી પરમજીત એસ. પાનેસર આસી.પ્રોફે. આર્ટસ કોલેજ શામળાજી મો.૯૪૨૭૬૯૭૬૦૬
૮૫	શ્રી ડૉ.ચંદુભાઇ રામજીભાઇ પ્રોફેસર આર્ટસ કોલેજ ધનસુરા ૯૪૨૬૩૬૨૭૯
૮૬	શ્રી ડી.એચ.સહાય G.E. C Modasa 9909587393
૮૭	શ્રી લીંબડ ગિરીશકુમાર નાગજીભાઇ G.E.C Modasa 9904274385
૮૮	શ્રી ડોડિયા અનિરુદ્ધસિંહ કરશનભાઇ G.E.C Modasa 7874611639
૮૯	શ્રી ઉપેન્દ્રકુમાર રમેશચંદ્ર ભોઇ G.E. C Modasa ૯૭૨૩૦૧૩૨૯૧
૯૦	શ્રી રાઠોડ વિમલકુમાર અશોકભાઈ G.E.C Modasa 9725774623
૯૧	શ્રી નિલેશ દિપકભાઈ ગોરિયા G.E. C Modasa ૯૧૭૩૭૯૮૩૩૪
૯૨	શ્રી અમિત ભુપેન્દ્રભાઈ પરમાર G.E.C Modasa ૭૮૭૪૭૪૫૭૨૬
૯૩	શ્રી આર. પી. ખત્રી G.E. C Modasa 9727207064
૯૪	શ્રી જે.બી. પુજારા G.E. C Modasa
૯૫	શ્રી એસ.વી.બેંકર G.E. C Modasa
૯૬	શ્રી એસ.સી.બ્રહ્મભટ્ટ મદદનીશ ઇજનેર નાયબ કાર્યપાલક ઇજનેરની કચેરી, વાત્રક નહેર પેટા વિભાગ
૯૭	પંકજકુમાર ડી. ભગોરા ના.કા.ઇ મા.અને મકાન(પં) બાયડ
૯૮	દેવાંગીબેન એમ. સેલર અ.મ.ઇ.તાલુકા પંચાયત બાયડ

૯૯	ભરતકુમાર દિવાનસિંહ રાઠોડ આચાર્યશ્રી, આમોદરા હાઇસ્કૂલ હાઇસ્કૂલ ૭૬૯૮૦ ૬૩૯૧૬
૧૦૦	શ્રી સુરેશભાઇ ડી સુડિયા આસી.પ્રોફેસર સરકારી વિનયન કોલેજ બાયડ ૯૧૫૭૯૪૧૯૧૧
૧૦૧	શ્રી નિલેશકુમાર જે પટેલ આચાર્યશ્રી, શ્રી કે.એસ.એમ. વિધ્યાલય, હઠીપુરા ૯૪૨૭૬૨૩૧૦૨
૧૦૨	પ્રજાપતિ પંકજભાઈ નરોત્તમભાઈ પ્રિન્સીપાલ ઓઢા હાઈસ્કુલ ૯૯૧૩૧૨૬૨૦૫
૧૦૩	ગીતાબા ચાવડા આસી.પ્રોફેસર સરકારી વિનયન કોલેજ, બાયડ ૮૨૦૦૭૭૯૬૧૩
૧૦૪	શ્રી ભીખાભાઇ વી ચૌધરી આસી.પ્રોફેસર, સરકારી વિનયન કોલેજ, બાયડ ૮૮૪૯૨ ૭૨૭૪૨
૧૦૫	શ્રી એમ.એન.ચૌધરી નાયબ ઈજનેર યુજીવીસીએલ સાઠંબા 9925212526
૧૦૬	શ્રી અશોકકુમાર જે ચૌહાણ આચાર્યશ્રી, શ્રેયસ વિધ્યાલય, ઇન્દ્રાણ ૯૯૧૩૦૨૪૬૫૧
૧૦૭	શ્રી પટેલ ગોપાલભાઇ હસમુખભાઇ આચાર્યશ્રી, સાઠંબા-૧, પ્રા. શાળા
૧૦૮	શ્રી કરણસિંહ અને પરમાર આચાર્યશ્રી, ઉત્તર બુનિયાદી વિધ્યાલય, પાંચમુવાડા, મોટી ઇન્દ્રાણ ૯૪૨૭૩૪૦૦૬૧
૧૦૯	શ્રી ડૉ.ચંદુભાઇ રામજીભાઇ પ્રોફેસર આર્ટસ કોલેજ ધનસુરા ૯૪૨૬૩૬૨૭૯
૧૧૦	શ્રી બ્રિજેશ પટેલ મે.સે.સીટીસર્વે કચેરી ધનસુરા મો.૯૪૦૯૩૫૮૪૫૧

૧૧૧	શ્રી ગોપાલભાઇ જશુભાઇ પટેલ પ્રોફેસર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા મો.૯૪૨૬૫૭૧૧૦૮
૧૧૨	શ્રી અમરતભાઇ વાધાભાઇ રાઠવા વિસ્તરણ અધિકારી આંકડા મો.૯૦૯૯૨૧૩૫૧૨
૧૧૩	શ્રી એસ.એમ.ગામેતી ના.કા.ઇ.શ્રી યુ.જી.વી.સી.એલ. ધનસુરા મો.૯૯૨૫૨૪૦૮૬૦
૧૧૪	શ્રીકમલેશગીરી નર્મદાગીરી ગોસ્વામી જુથ મંત્રી ખડોલ મો.૯૯૭૮૯૫૪૯૯૩
૧૧૫	શ્રી પટેલ અનિલભાઇ ડી પ્રોફેસર આર્ટસ કોલેજ ધનસુરા મો.૯૮૯૮૨૯૪૦૦૭
૧૧૬	શ્રી અર્પણકુમાર આર બારોટ વિસ્તરણ અધિકારી ખેતી મો.૯૯૦૯૪૭૫૪૬૮
૧૧૭	શ્રી એમ.બી.તરાર રેન્જ ફોરેસ્ટ ઓફિસર ધનસુરા મો.૭૦૧૬૪૪૨૩૧૬
૧૧૮	શ્રી વાંળંદ સમીરકુમાર કાંતીભાઇ ઉ.સી.ધામણીયા પ્રા.શાળા ૯૪૨૮૫૫૫૬૫૧
૧૧૯	સુશ્રી લક્ષ્મીબેન ભગોરા અ.મ.ઇ.તા.પં.ધનસુરા મો.૯૭૨૭૩૯૬૯૨૯
૧૨૦	શ્રી ચૌહાણ અમિતભાઇ નાગજીભાઇ સી.આર.સી (નવી શિણોલ) ૯૪૦૮૨૭૭૪૭૧
૧૨૧	શ્રી મિતેશભાઇ બી પટેલ સી.આર.સી જુની શિણોલ મો.૯૯૧૩૮૨૦૨૭૫
૧૨૨	શ્રી એલ.જે.મોડીયા વિસ્તરણ અધિકારી પંચાયત મો.૮૪૦૧૬૨૯૦૭૩
૧૨૩	શ્રી પ્રજાપતિ ઇશ્વરભાઇ ધનજીભાઇ જુથ મંત્રી આકરૂન્દ ૯૮૨૫૧૪૨૬૨૦
૧૨૪	શ્રે સચિનકુમાર પટેલ વડાગામ પ્રા.શાળા ૯૯૨૪૯૮૩૩૭૮

૧૨૫	લલીત કેશવલાલ પટેલ મુ.શિ.વાલાખાંટના મુવાડા ૯૯૬૬૪૬૩૬૪૮૭
૧૨૬	શ્રી મેહુલકુમાર ઉદાજી ઠાકોર પ્રોફેસર આર્ટસ કોલેજ, ધનસુરા
૧૨૭	શ્રી નિલેશભાઈ એન.જોષી પ્રોફેસર આર્ટ્સ કોલેજ, ધનસુરા
૧૨૮	ડૉ.પરેશભાઈ બી વાળંદ પ્રોફેસર આર્ટ્સ કોલેજ, ધનસુરા
૧૨૯	શ્રી હરેશકુમાર શર્મા આસી.પ્રોફેસર જી.ઇ.સી મોડાસા 9824850761
૧૩૦	શ્રી ડી.બી સથવારા આસી.પ્રોફેસર જી.ઇ.સી મોડાસા 9974542097
૧૩૧	શ્રી એમ.એમ ભુંગા આસી.પ્રોફેસર જી.ઇ.સી મોડાસા 9724848618
૧૩૨	શ્રી અનુજ નિકુંજભાઇ પટેલ સી.આર.સી મોડાસા 9316981899
૧૩૩	શ્રી શિવાંગ રમેશભાઇ પટેલ આસી.પ્રોફેસર જી.ઇ.સી મોડાસા 9033739018
૧૩૪	શ્રી ધર્મેન્દ્ર એ. સગર આસી.પ્રોફેસર જી.ઇ.સી મોડાસા 9427367401
૧૩૫	પંડ્યા જયકુમાર પ્રમોદચંદ્ર આસી.પ્રોફેસર જી.ઇ.સી મોડાસા 9638574772
૧૩૬	શ્રી નિરવ પટેલ અ.મદદ. કા. ઇજનેર સિચાઇ યોજના વિભાગ 9537747716 9427422085
૧૩૭	શ્રી એસ.એલ ધાંચી આસિસ્ટન્ટ પ્રોફેસર સરકારી ઇજનેર કોલેજ મોડાસા 9924423014
૧૩૮	શ્રી જીગર કનૈયાલાલ સથવારા આસિસ્ટન્ટ પ્રોફેસર સરકારી ઇજનેર કોલેજ મોડાસા 9898245193
૧૩૯	શ્રી દ્રોણ હસમુખભાઇ ચૌધરી આસિસ્ટન્ટ પ્રોફેસર સરકારી ઇજનેર કોલેજ મોડાસા 9106265649
૧૪૦	શ્રી નેનેશ વસંતભાઇ નાગેકર આસિસ્ટન્ટ પ્રોફેસર સરકારી ઇજનેર કોલેજ મોડાસા 9558232768

૧૪૧	શ્રી મંથનકુમાર પી.પટેલ, વિસ્તરણ અધિકારી (ખેતી), મદદનીશ ખેતી નિયામકની કચેરી, પેટા વિભાગ, મોડાસા 9898695242
૧૪૨	શ્રી પ્રદીપકુમાર રોહીતભાઇ ગામી,આસિસ્ટન્ટ પ્રોફેસર સરકારી ઇજનેર કોલેજ મોડાસા 9537849937
૧૪૩	શ્રી અલ્પેશ આર. પટેલ આસિસ્ટન્ટ પ્રોફેસર સરકારી ઇજનેર કોલેજ મોડાસા 9727715309
૧૪૪	શ્રી ચન્દ્રેશકુમાર ભીખાભાઇ પટેલ,સી.આર.સી. 9979624937
૧૪૫	શ્રી ભાવિક એ.બ્રહ્મભટ્ટ આસિસ્ટન્ટ પ્રોફેસર સરકારી ઇજનેર કોલેજ મોડાસા 9408830278
૧૪૬	શ્રી પ્રિયંક વસનજી પટેલ આસિસ્ટન્ટ પ્રોફેસર સરકારી ઇજનેર કોલેજ મોડાસા 9898913707
૧૪૭	શ્રી તેજલ એ. ચૌધરી આસિસ્ટન્ટ પ્રોફેસર સરકારી ઇજનેર કોલેજ મોડાસા 8238947886
૧૪૮	શ્રી ચેતન કે.બારીયા આસિસ્ટન્ટ પ્રોફેસર સરકારી ઇજનેર કોલેજ મોડાસા 9978378229
૧૪૯	શ્રી ડી.યુ.ઠાકર આસિસ્ટન્ટ પ્રોફેસર સરકારી ઇજનેર કોલેજ મોડાસા 7984168643
૧૫૦	શ્રી એચ.એસ.પંડ્યા આસિસ્ટન્ટ પ્રોફેસર સરકારી ઇજનેર કોલેજ મોડાસા 9998723524

પરિશિષ્ટ-૨	
ક્રમ	મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીનું નામ
૧	શ્રી જયેશભાઇ એસ.પટેલ એજયુકેશન ઇન્સ્પેકટરશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અરવલ્લી મોડાસા
૨	શ્રી ચિરાગભાઇ પટેલ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રી, અરવલ્લી
૩	શ્રી એમ.આઇ. પટેલ તાલુકા વિકાસ અધિકારીશ્રી, શામળાજી
૪	શ્રી અનિલ પટેલ નાયબ મામલતદાર(મહેસુલ), મામલતદાર કચેરી,શામળાજી,તા.શામળાજી
૫	શ્રી એસ.આર. પંડયા મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત શામળાજી,તા.શામળાજી
૬	શ્રી રણજીતસિંહ ચાવડા નાયબ મામલતદાર(મહેસુલ), મામલતદાર કચેરી,સાઠંબા,તા.સાઠંબા
૭	શ્રી કે.કે. પટેલ તાલુકા વિકાસ અધિકારીશ્રી સાઠંબા કરૂણાસાગર કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડની બાજુમાં . સાઠંબા .તા. સાઠંબા
૮	શ્રી તુષારકુમાર ભાનુપ્રસાદ ત્રિવેદી મદદનીશ તાલુકા વિકાસ અધિકારી,સાઠંબા કરૂણાસાગર કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડની બાજુમાં . સાઠંબા .તા. સાઠંબા
૯	શ્રી એસ.એસ.પટેલ નાયબ મામલતદાર(મહેસુલ) મામ્લતદાર કચેરી ભિલોડા
૧૦	શ્રી ચિંતન પટેલ તાલુકા વિકાસ અધિકારીશ્રી, ભિલોડા
૧૧	શ્રી દિનેશભાઇ મકવાણા મદદનીશ તાલુકા વિકાસ અધિકારી,ભિલોડા
૧૩	શ્રી કે.જે. રાઠોડ સ.ઓ.ભિલોડા મામલતદાર કચેરી,ભિલોડા

૧૪	શ્રી સંદિપભાઇ એમ.ચૌધરી નાયબ મામલતદાર (મહેસુલ) મામલતદાર કચેરી ધનસુરા
૧૫	શ્રી ભૌમિકસિંહ એન. રાઠોડ તાલુકા વિકાસ અધિકારીશ્રી ધનસુરા
૧૬	અમીબેન ડી.પટેલ મદદનીશ તાલુકા વિકાસ અધિકારી,ધનસુરા તાલુકા પંચાયત કચેરી ધનસુરા
૧૭	શ્રી સિધ્ધરાજભાઇ ચૌધરી નાયબ મામલતદાર (મહેસુલ) મામલતદાર કચેરી મેઘરજ
૧૮	શ્રી રાકેશભાઇ એન. પટેલ તાલુકા વિકાસ અધિકારીશ્રી મેઘરજ
૧૯	શ્રી ગૌરાંગભાઇ કે. પટેલ મદદનીશ તાલુકા વિકાસ અધિકારી,મેઘરજ તાલુકા પંચાયત કચેરી,મેઘરજ
૨૦	શ્રી ચિરાગભાઇ નિનામા નાયબ કાર્યપાલક ઇજનેર (મા.અને મ. વિભાગ, પંચાયત) મેઘરજ
૨૧	શ્રી એમ.એમ.ચૌહાણ સ.ઓ.,મેઘરજ મામલતદાર કચેરી મેઘરજ
૨૨	શ્રીમતી ટી.એમ. પરમાર નાયબ મામલતદાર(પુરવઠા) મામલતદાર કચેરી માલપુર
૨૩	શ્રી ઇરફાન અયુબ મિયા બેલીમ નાયબ કાર્યપાલક ઇજનેર (મા. અને મ. વિભાગ (પંચાયત) , માલપુર
૨૪	શ્રી પ્રજ્ઞેશકુમાર આર ભગોરા મદદનીશ તાલુકા વિકાસ અધિકારી,માલપુર તાલુકા પંચાયત કચેરી માલપુર
૨૫	શ્રી પંકજભાઇ પટેલ સ.ઓ.મોડાસા ગ્રામ્ય મામલતદાર કચેરી, મોડાસા
૨૬	સુ.શ્રી અંજલિ ચૌધરી તાલુકા વિકાસ અધિકારીશ્રી મોડાસા

૨૭	શ્રી વિશાલ પટેલ મદદનીશ તાલુકા વિકાસ અધિકારી,મોડાસા તાલુકા પંચાયત કચેરી મોડાસા
૨૮	શ્રી તકદીરકુમાર યુ. સોલંકી , મામલતદારશ્રી કલેકટર કચેરી અરવલ્લી
૨૯	શ્રી સુરેશસિંહ ચાવડા નાયબ મામલતદાર(મહેસુલ) મામલતદાર કચેરી મોડાસા
૩૦	શ્રી કિશનભાઇ એમ. પટેલ નાયબ મામલતદાર (પુરવઠા) મામલતદાર કચેરી બાયડ
૩૧	શ્રી પરેશ પટેલ તાલુકા વિકાસ અધિકારીશ્રી બાયડ
૩૨	શ્રીમતિ એન.એસ.પટેલ મદદનીશ તાલુકા વિકાસ અધિકારી,બાયડ તાલુકા પંચાયત કચેરી, બાયડ

પરિશિષ્ટ-૩

ક્રમ	**ચૂંટણી અધિકારીશ્રીનું નામ**
૧	શ્રી નૈનેશકુમાર દવે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
૨	શ્રી જીલ ચાવત હિસાબી અધિકારીશ્રી અરવલ્લી
૩	શ્રી મનીશ સોલંકી કા.ઈ. મા. અને મ. (પંચાયત) , મોડાસા
૪	સુ.શ્રી વી.એચ. પરમાર નાયબ કલેકટર–૧ કલેકટર કચેરી અરવલ્લી
૫	સુ.શ્રી.કૃપાલી મિસ્ત્રી નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેસૂલ) જિલ્લા પંચાયત કચેરી અરવલ્લી
૬	સુ.શ્રી જે.બી. ચૌધરી નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (પંચાયત) જિલ્લા પંચાયત કચેરી અરવલ્લી
૭	સુ.શ્રી.એમ.વી. રાઠોડ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અરવલ્લી જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી અરવલ્લી
૮	શ્રી યુવરાજસિંહ ચૌહાણ જિલ્લા રજીસ્ટ્રારશ્રી અરવલ્લી

આજ તા.૪થી મે.૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯, તા.૦૧.૦૪.૨૦૨૬

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

-:જાહેરનામું:-

નં.એમ.એ.જી./ચૂંટણી/જાહેરનામું/વશી/૨૦૨૬ (૧) - ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મહાનગરપાલિકા/ નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાનાર છે. જેનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે. ચૂંટણીઓ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા સંબંધે ભારતના બંધારણની જોગવાઈ હેઠળ શાંતિપૂર્ણ, મુક્ત અને ન્યાયી મતદાન માટે તેમજ ચૂંટણીઓ શાંતિપૂર્ણ, મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજવા નિવારક પગલાંના ભાગરૂપે વિવિધ પગલાંઓ લેવા જરૂરી છે. ચૂંટણીઓ દરમિયાન હથિયારો ધ્વારા બળ પ્રદર્શન તેમજ શસ્ત્રોની હેરાફેરી પર મનાઈ ફરમાવવી જરૂરી હોઈ, જાહેર શાંતિ અને સલામતીની જાળવણી તેમજ ચૂંટણીઓ નિષ્પક્ષ, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂએ હું પ્રશસ્તિ પારીક, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં રહેતા દરેક પ્રકારના હથિયારોના પરવાનેદારોને આદેશ કરૂ છું કે, તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો આ જાહેરનામું બહાર પડયાની તારીખથી દિવસ-૭માં જિલ્લાના સંબંધકર્તા પોલીસ સ્ટેશન ખાતે અનામત જમા કરાવી દેવા અને સંબંધકર્તા પોલીસ સ્ટેશનોએ તથા પોલીસ હેડ કવાર્ટરએ સંબંધિત પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં રહેતાં હથિયાર પરવાનો ધરાવતાં તમામ વ્યકિતઓના હથિયાર કે હથિયારો જમા કરાવવા આવે તે માટે પગલાં લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયાં અંગેની જાણ અત્રેની કચેરીને કરવી.

આ આદેશ અરવલ્લી જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી તથા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીઓ તરફથી આપવામાં આવેલ હોય તેવા હથિયારના પરવાનેદારોએ તેમજ દેશના કોઈ પણ રાજય/જિલ્લાના કોઈ પણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિકારી પાસેથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે તેમજ આ આદેશ અરવલ્લી જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારમાં રહેતા અથવા અરવલ્લી જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે. હથિયાર ખરીદ વેચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયારની સોંપણી આ જાહેરનામાની પ્રસિધ્ધિ તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી પરવાનાધારકને કરી શકશે નહી. સંબંધિત પોલીસ સ્ટેશને પરવાનેદારને તેમનું હથિયાર તા.૩૦/૦૪/૨૦૨૬ પછી પરત કરવાનું રહેશે અને તેમના માટે કોઈ અલગ હુકમની જરૂરત રહેશે નહી.

જે હથિયાર પરવાનાઓની મુદત પૂર્ણ થયેલ હોય અને રીન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં કે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરીમાં રજૂ કરેલ હોય તેવા હથિયાર પરવાના હેઠળના હથિયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુ અરજી રજૂ કર્યાની સબંધિત કચેરીની કોમ્પ્યુટરાઈઝડ પહોચ કે જેમાં સહીની જરૂર રહેતી નથી તેવી પહોચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના

ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે અને તેવી જ રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયે પરત સોપવાના રહેશે.

ચૂંટણી પ્રક્રિયા શરૂ થયેલ હોઈ યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શક્ય ન હોઈ ઉપર પેરામાં જણાવેલ હુકમ હું હું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેર કરું છું.

આ જાહેરનામાથી નીચેના હથિયાર પરવાનેદારોને મુકિત આપવામાં આવે છે.

(અ) અરવલ્લી જિલ્લામાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેક, કોર્પોરેશન સહિત), સ્થાનિક સ્વરાજયના સંસ્થાના નામે જે હથિયાર પરવાનો ધરાવતાં હોય તથા જે રાજય કે રાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન તરીકે પરવાનો ધરાવે છે.

(બ) માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સરકારી કે કોમર્શિયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડ. આવા સિકયુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોવાનું સંબંધિત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

(ક) કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અથવા ચૂંટણીની ફરજ ઉપર છે.

(ડ) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અરવલ્લીએ ખાસ પરવાનગી આપેલ હોય.

હથિયારના પરવાનેદારોએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં પરવાનાવાળા હથિયારો જમા કરાવવાના રહેશે, તેના કાર્ટીસ/દારૂગોળો જમા કરાવવાની જરૂર નથી.

આ જાહેરનામાનું પાલન નહી કરનાર શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૫ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ જાહેરનામાની પ્રસિધ્ધિ તારીખથી તા.૩૦.૦૪.૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આજ તા.૪થી મે.૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯, તા.૦૧.૦૪.૨૦૨૬

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

-: જાહેરનામું:-

નં.એમ.એ.જી./ચૂંટણી/જાહેરનામું/વશી/૨૦૨૬ (૩) -ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મહાનગરપાલિકા/ નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાનાર છે. જેનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે. ચૂંટણી પ્રચારના અભિયાનરૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી પોત પોતાના મત વિસ્તારમાં પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવનાર છે. આ હેતુ માટે તેઓ ધ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. તેવા સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ પર દેખરેખ રાખવા અને ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે જરૂરી છે. ચૂંટણી પ્રચારમાં વપરાતા વાહનોની અસર સામાન્ય જનમાનસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય છે, જેના કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાની, ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મન દુ:ખ થાય અને ઘર્ષણ ઉભું થવાની તેમજ સુલેહશાંતી ભંગ થવાની સંભાવના રહે છે. સદર બાબતો ધ્યાને લેતાં મુકત, નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણીના સંચાલન હેતુથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

આથી હું પ્રશસ્તિ પારીક, (આઈ.એ.એસ.),કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, કોઈપણ રાજકીય પક્ષ, વ્યકિત, સંસ્થા, ચૂંટણીનો ઉમેદવાર અથવા તો તેઓની સહમતીથી કોઈપણ વ્યક્તિ દ્વારા કોઈપણ ઉમેદવારના કે પક્ષના કામે ચૂંટણીના કામે વાહનોનો અરવલ્લી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો સંબંધીત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી પાસે રજીસ્ટર કરાવવાના રહેશે. રજીસ્ટર કરાવેલ વાહનની પરમીટ તેઓની પાસેથી મેળવી તે વાહનોની વિન્ડ સ્ક્રિન ઉપર અથવા નાના વાહનમાં પણ સહેલાઈથી દેખાઈ આવે તે રીતે ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન કયા મતદાર વિભાગના કયા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. વપરાશમાં લેવાયેલ વાહનનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉમેરવાનો રહેશે. ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી પાસેથી પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કે ચૂંટણીના કામે કરી શકાશે નહીં.

આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી ચાલતા કે બીજી કોઈ રીતે ચાલતા વાહનો જેવાં કે બસ/મીની બસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક, ટેમ્પો, ટ્રેલર સાથેનું કે તે વિનાનું ટ્રેકટર, ઓટોરીક્ષા, સ્કુટર, પશુથી ચાલતા વાહનો વિગેરે તમામ પ્રકારના વાહનોને લાગુ પડે છે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર

આ જાહેરનામું પ્રસિધ્ધિ તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આજ તા.૪થી મે.૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯, તા.૦૧.૦૪.૨૦૨૬

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

-:જાહેરનામું :-

નં.એમ.એ.જી./ચૂંટણી/જાહેરનામું/વશી/૨૦૨૬ (૪) - ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મહાનગરપાલિકા/ નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાનાર છે. જેનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે. સદરહું ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વિશાળ કટઆઉટ, પાટીયાં, બેનર તથા ચૂંટણી પ્રચારને લગતા અન્ય સાહિત્ય વિગેરેના ઉપર જરૂરી નિયંત્રણ રાખવાનું જરૂરી જણાયેલ છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો અને ઉમેદવારો ધ્વારા જાહેર માર્ગની બંને બાજુ વાહન-વ્યવહારથી ધમધમતા ચાર રસ્તા, શેરીઓ, નાકા, જાહેરમાર્ગ, માલીકીના મકાનો વિગેરે ઉપર વિશાળ પોસ્ટરો, બેનર, રાજકીય અગ્રણીઓના કટઆઉટ વિગેરે ઉભા/પ્રદર્શિત કરવામાં આવે છે. તે જ રીતે સરકારી અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના મકાનો તથા વીજળી/ટેલીફોનના થાંભલા જેવી સરકારી મિલ્કતો ભીતસુત્રો ધ્વજા, ભીતચિત્રો વિગેરે લગાવવામાં આવે છે. આના લીધે ટ્રાફીકની સમસ્યા ઉભી થવા સંભાવના છે જેના કારણે રાહદારીઓની અસલામતી વધે છે તેમજ જાહેર રસ્તાઓ અથવા સાર્વજનિક જગાનો અયોગ્ય ઉપયોગ થવા સંભવ છે. આથી આ માટે જરૂરી કાર્યવાહી કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું પ્રશસ્તિ પારીક, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ સત્તાની રૂએ અરવલ્લી હેઠળના વિસ્તારમાં જાહેરનામા પ્રસિધ્ધ તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) રાજય સરકારના, નગરપાલિકાઓ અથવા સરકારી બોર્ડ/નિગમો/પંચાયતની માલીકીના રસ્તાઓ, મકાનો અથવા અન્ય કોઈ જાહેર જગ્યાઓ ઉપર કોઈપણ રાજકીય પક્ષ અથવા ગ્રામ પંચાયતોના ઉમેદવારો ધ્વારા અથવા આવા ઉમેદવારો માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત ધ્વારા સમાચાર બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈપણ પ્રકારના કટઆઉટ, જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકાશે નહિ કે દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકાશે નહિ કે કમાનો/દરવાજા ઉભા કરી શકાશે નહિં. આવી મિલ્કતો ભાડે આપી હશે તો પણ મુકી શકાશે નહિં.

(૨) કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારોએ જાહેર મિલ્કતો કે ખાનગી મિલ્કતો ઉપર ચૂંટણી જાહેરાત-પ્રચાર કરતા પોસ્ટરો, સુત્રો, બેનરો, પડદા, લખાણો વગેરે સબંધિત સંસ્થા, કચેરી કે માલિકની સંમતિ/ ધોરણસરની પરવાનગી સિવાય ચોટાડવા નહિ કે લખવા નહિ કે લગાડવા નહિ. ચૂંટણી પ્રચાર અર્થે કોઈ કટઆઉટ, દરવાજા કે કમાનો ઉભા કરવા નહિં.

(૩) જાહેર સ્થળોએ સક્ષમ સ્થાનિક સત્તાધિકારીની મંજુરી પ્રમાણે નિયત રકમની ચુકવણીથી ચૂંટણી પ્રચાર માટે હોર્ડીંગ્સ પ્રદર્શિત કરી શકાશે. પરંતુ, ચૂંટણીની જાહેરાત કરી દીધેલ હોઈ આવી જગા કે હોર્ડીંગ્સની સાઈઝ હવે વિસ્તારી શકાશે નહિ કે ઘટાડી શકાશે નહિં.

(૪) કોઈપણ રાજકીય પક્ષો અને ઉમેદવારોએ કે તેમના ટેકેદારોએ અન્ય પક્ષોએ યોજેલ સભા અને સરઘસમાં અવરોધો ઉભા કરવા નહિં કે તે સભા તોડવી નહિં તેમજ એક રાજકીય પક્ષના કાર્યકરો કે સહાનુભુતિ દર્શાવનારાઓએ બીજા રાજકીય પક્ષોએ યોજેલી જાહેર સભાઓમાં ઘર્ષણ સર્જાય તેવી રીતે મૌખિક કે લેખિત પ્રશ્નો પૂછીને અથવા પોતાના પક્ષના ચોપાનીયાં વેચીને ખલેલ પહોંચાડવી નહિ તેમજ એક પક્ષો સભાઓ યોજી હોય, તેવા સ્થળોએ બીજા પક્ષોએ સરઘસ લઈ જવું નહિ તેમજ એક પક્ષો બહાર પાડેલ ભીતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દૂર કરવા નહિં.

(૫) હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટ x ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહિં. કટઆઉટની ઊંચાઈ ૮ ફુટ થી વધવી જોઈએ નહિં. કટઆઉટ, જાહેરાત પાટીયા, બેનર વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને, પોલીસ અધિક્ષકશ્રીને તેમજ ચૂંટણી અધિકારીને કરવાની રહેશે. આ અંગેનો ખર્ચ સંબંધિત ઉમેદવાર/ઉમેદવારોના ચૂંટણી ખર્ચના હિસાબોમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે.

(૬) પરવાનગી અપાયેલ દિવાલો, મકાનો કે અન્ય મિલ્કતોને મુળ સ્થિતિમાં લાવવાની જવાબદારી સંબંધિત રાજકીય પક્ષ-ઉમેદવારની રહેશે. માલ મિલ્કત ઉપર ચૂંટણી વિષયક લખાણ દુર કરવાનો ખર્ચ સંબંધિત રાજકીય પક્ષો, ઉમેદવારો પાસેથી વસુલ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ સમગ્ર અરવલ્લી જિલ્લામાં વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા.૪થી મે.૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯, તા.૦૧.૦૪.૨૦૨૬

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

-: જાહેરનામું:-

નં.એમ.એ.જી./ચૂંટણી/જાહેરનામું/વશી/૨૦૨૬(૫) - ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મહાનગરપાલિકા/ નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાનાર છે. જેનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા જરૂરી શાંતિમય વાતાવરણમાં યોજાય તથા વિક્ષેપો ઉભા થાય નહી તે જરૂરી જણાતુ હોઈ તેમજ ચૂંટણીના સરળ સંચાલન માટે જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવવો આવશ્યક જણાતો હોઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ પગલા લેવા પુરતાં કારણો છે.

આથી હું પ્રશસ્તિ પારીક, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, અરવલ્લી ચૂંટણી હેઠળના વિસ્તારમાં આ જાહેરનામા પ્રસિધ્ધિ તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અધિકૃત અને સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રિત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહી. સભા સરઘસની મંજુરી આપવા માટે સક્ષમ અધિકારી તરીકે ગ્રામ્ય વિસ્તારોમાં જે તે મતદાર વિભાગના ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રીને અધિકૃત કરવામાં આવે છે. સભા-સરઘસનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં ઉમેરવાનો રહેશે.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧)ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિને

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તેવા વ્યક્તિને.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામું પ્રસિધ્ધિ તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આજ તા.૪થી મે.૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯, તા.૦૧.૦૪.૨૦૨૬

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

-: જાહેરનામું:-

નં.એમ.એ.જી./ચૂંટણી/જાહેરનામું/વશી/૨૦૨૬(૬) -ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મહાનગરપાલિકા/ નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાનાર છે. જેનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે. ચૂંટણીઓના પ્રચાર માટે ચોપાનીયા, ભીતપત્રો, હેન્ડ બીલ વિગેરે પ્રકારનું સાહિત્ય ઉમેદવારો કે રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની ઓળખ માટે કે ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવા માટે વિવિધ સ્થળે છાપકામ કરાવી પ્રસિધ્ધ કરવામાં આવે છે તથા લોકોમાં વહેચણી કરવામાં આવે છે. આવા દસ્તાવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારના ચારીત્ર્ય ખંડન જેવી કોઈ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સબંધિત વ્યક્તિ સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલાં લઈ શકાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડ બીલ વિગેરેના મુદ્રણ અને પ્રકાશન અંગે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

ઉપરોકત જોગવાઈની ચુસ્ત અમલવારી કરવા સારૂ જરૂરી જાહેરનામું બહાર પાડવાના યોગ્ય કારણો જણાતા હોય હું પ્રશસ્તિ પારીક,(આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે-

(૧) કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં.

(૨) કોઈ પણ વ્યકિત કે સંસ્થા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી સિવાય કે

(એ) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને

(બ) લખાણ છપાયા પછી મુદ્રકે ત્રણ દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રકની એક નકલ જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીને તથા સંબંધિત ચૂંટણી અધિકારીની કચેરીને મોકલી હોય.

આ જોગવાઈ પુરતું હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કઢાવવાની કોઈ પણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રકએ શબ્દના તે પ્રમાણે અર્થ થશે.

(૩) છાપેલા ચૂંટણી અંગેના કોઈ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા, અને ફોન/મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે.

(૪) મુદ્રકે પ્રકાશક પાસેથી મેળવેલી એકરાર પત્રક જોડાણ-ક અને જોડાણ-ખના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીએ તથા સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને રજુ કરવાનું રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામું પ્રસિધ્ધિ તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ સમગ્ર અરવલ્લી જિલ્લામાં વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે

આજ તા.૪થી મે.૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯, તા.૦૧.૦૪.૨૦૨૬

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

-: જાહેરનામું:-

નં.એમ.એ.જી./ચૂંટણી/જાહેરનામું/વશી/૨૦૨૬ (૭) -ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મહાનગરપાલિકા/નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાનાર છે. જેનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે. ચૂંટણી પ્રકીયા દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ, સમર્થકો ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. આ લાઉડ સ્પીકરનો નિયત મંચ ઉપરાંત યાંત્રિક રીતે કે બીજી કોઈ રીતે ચાલતા વાહનો ઉપર ગોઠવીને પણ ઉપયોગ કરવામાં આવે છે. ખુબ જ ઊંચા અવાજે પ્રચાર કરતા લાઉડ સ્પીકરો સાથેના આ વાહનો તમામ માર્ગો, શેરીઓ અને ગલીઓમાં ફરે છે તેમજ જુદા જુદા ગામોએ વસવાટો, મહોલ્લા, વસાહતો અને લત્તાઓમાં પણ પહોંચે છે. આના કારણે ધ્વની પ્રદુષણ થાય છે અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર આની ખુબ જ પ્રતિકુળ અસર પડે છે. વૃધ્ધો, અશકત અને બિમાર વ્યકિતઓને પણ ઊંચા અવાજથી ખુબ જ તકલીફ પડે છે તથા સામાન્ય પ્રજાને ખુબ જ હરકત, અગવડ, ત્રાસ, જોખમ અને ભય થાય છે. આથી ચૂંટણી પ્રકીયા દરમ્યાન લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મૂકવું જરૂરી જણાય છે. રાજય ચૂંટણી આયોગએ તા.૦૬/૦૧/૨૦૧૦ના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૨૨૦૦૯-ક અન્વયે ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું પ્રશસ્તિ પારીક, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી, અરવલ્લી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(આર)(૩) થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, -

(૧) ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે જાહેરસભા કે સરઘસના હેતુસર કોઈપણ પ્રકારના વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરનો જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં રાત્રે ૨૨:૦૦ કલાક થી સવારના ૦૮:૦૦ કલાક સુધી ઉપયોગ કરી શકાશે નહિ.

(૨) કોઈપણ જાહેર સભા કે સરઘસના હેતુસર સવારે ૦૮:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો હોય તો તેને માટે સંબંધિત સત્તાધિકારીની અગાઉથી લેખીત પરવાનગી લેવાની રહેશે. આવી પરવાનગી આપતી વખતે સંબંધિત સત્તાધિકારી જાતે ખાતરી કરીને પરવાનગીને લીધે જાહેર શાંતિ જોખમાય નહિં તે સુનિશ્ચિત કરીને આવી પરવાનગી આપશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા વાહનો ધ્વારા ફરતાં લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સક્ષમ અધિકારીની લેખીત પરવાનગી પ્રથમ લેવાની રહેશે. ફરતા વાહનમાં ગોઠવેલ લાઉડ સ્પીકર માટે ઉપયોગ કરવામાં આવતી અરજીમાં

વાહનોના પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો રહેશે. જે વાહન માટે પરવાનગી આપી હોય તે વાહન ચાલકે પરવાનગીનો હુકમ વાહન સાથે રાખવો પડશે.

(૪) સક્ષમ અધિકારી ધ્વારા ફરતાં વાહનો ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરના માટે પરવાનગી પત્ર (પરમીટ) આપવામાં આવે તેમાં વાહનનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર લખવાના રહેશે.

(૫) ફરતાં વાહનો ઉપર અથવા નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આવી પરવાનગી પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારને તે વિસ્તારના પોલીસ મથકને તેમજ સબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તેમના ધ્વારા મેળવેલ પરવાનગી પત્ર(પરમીટ)ની સંપુર્ણ અને લેખીતમાં જાણ કરવાની રહેશે.

(૬) ફરતા વાહન ઉપર ગોઠવેલ લાઉડ સ્પીકરનો ઉપયોગ ચાલુ વાહને થઈ શકશે નહિં. આવા કિસ્સામાં વાહનને કોઈ સ્થળે ઉભું રાખી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામું પ્રસિધ્ધિ તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ સમગ્ર અરવલ્લી જિલ્લામાં વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે

આજ તા.૪થી મે.૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯, તા.૦૧.૦૪.૨૦૨૬

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

-: જાહેરનામું:-

નં.એમ.એ.જી./ચૂંટણી/જાહેરનામું/વશી/૨૦૨૬ (૮) - ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મહાનગરપાલિકા/નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાનાર છે. જેનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે. ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો/ઉમેદવારો/સંસ્થાઓ તરફથી કે તેઓના ટેકેદારો તરફથી ઈલેકટ્રોનિક મીડીયાના માધ્યમથી, સ્થાનિક કેબલ કંટ્રોલ રૂમથી કે ટીવી ચેનલના માધ્યમથી કે રેડીયો નેટવર્કથી પ્રચાર તથા જાહેરાતો કરવામાં આવે છે. હાલમાં આ નેટવર્કના નિયંત્રણ માટે કેબલ ટેલીવિઝન (વિનિયમન) અધિનિયમ-૧૯૯૫ તથા કેબલ ટેલીવિઝન નેટવર્ક(વિનિયમન) નિયમો-૧૯૯૪ અમલમાં છે. તે મુજબ નિયત કરેલ આચાર સંહિતાને અનુરૂપ હોય તે સિવાય કોઈ પણ વ્યકિત કોઈ જાહેરાત પ્રસારીત કે પુન: પ્રસારીત કરી શકે નહી તેમજ જાહેરાતો કોઈ ધાર્મિક કે રાજકીય હેતુ પ્રત્યે દિશા નિર્દેશ કરતી હોવી જોઈએ નહી તેવી જોગવાઈ છે. રાજય ચૂંટણી પંચે ચૂંટણીઓ નિષ્પક્ષ, તટસ્થ, શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તથા કોઈ પણ પક્ષ કે સંસ્થા કે ઉમેદવારોની તરફેણ કે વિરુધ્ધમાં કે ચૂંટણી પંચે જાહેર કરેલ આદર્શ આચાર સંહિતાની જોગવાઈઓ વિરુધ્ધ કોઈ પણ ચૂંટણી વિષયક જાહેરાત ઈલેકટ્રોનીકના માધ્યમથી કરવામાં ન આવે તે માટે સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ તથા ૨૪૩ વ-ક હેઠળ મળેલ અધિકારની રૂએ તા.૧૮/૦૮/૨૦૧૧ ના આદેશ ક્રમાંક : રાચપ- ચટણ-સ્થા.સ્વ.-૧૨૧-૮૨૦૧૧-ક થી આદેશાત્મક જોગવાઈઓ કરેલ છે.

સબબ, ચૂંટણીના સરળ સંચાલન માટે હુકમ કરવો જરૂરી જણાતો હોઈ હું પ્રશસ્તિ પારીક, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે-

(૧) ટેલીવિઝન ચેનલ અને કેબલ નેટવર્ક ઉપર જાહેરાત આપવા વિચારતા દરેક નોંધાયેલા રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારે આવી જાહેરાત ટેલીકાસ્ટના સુચિત આરંભની તારીખથી મોડામાં મોડા પાંચ દિવસ અગાઉ અરજી કરવાની રહેશે.

(૨) બીજી કોઈ વ્યકિત અથવા બિન નોંધાયેલા રાજકીય પક્ષો, સંસ્થા વગેરેએ આવી જાહેરાત ટેલીકાસ્ટના સુચિત આરંભની તારીખથી મોડામાં મોડા ૭ દિવસ અગાઉ અરજી કરવાની રહેશે.

(૩) ઈલેકટ્રોનિક ફોર્મમાં સુચિત જાહેરાતની બે નકલ તેમજ તેની યોગ્ય રીતે પ્રમાણિત કરેલ બે નકલ અરજી સાથે જોડવાની રહેશે.

(૪) આવી જાહેરાત, જિંગલ્સ, ઈન્સર્શન્સ, બાઈટસ વગેરેનું સર્ટીફીકેશન મેળવવા માટેની અરજી જિલ્લા કક્ષાની કમીટીના સભ્ય સચિવ અને નિવાસી અધિક કલેકટર, અરવલ્લી, કલેકટર કચેરી, મોડાસાને નિયત કરેલ એનેક્ષર-૧માં સંપૂર્ણ વિગતો દર્શાવીને કરવાની રહેશે.

(૫) ટેલીકાસ્ટ માટે જાહેરાત જિંગ્લસ, ઈન્સર્શન્સ, બાઈટસનું પ્રમાણપત્ર મેળવ્યા વિના જાહેરાત, જિંગલ્સ, ઈન્સર્શન્સ, બાઈટસનું પ્રસારણ થઈ શકશે નહી.

ચૂંટણીની કામગીરી માટે નિયુકત ચૂંટણી અધિકારીઓ/મદદનીશ ચૂંટણી અધિકારીઓને જાહેરાતોના પ્રસારણ પર દેખરેખ રાખવા માટે અધિકૃત કરવામાં આવે છે તથા કેબલ ટેલીવિઝન (વિનિયમન) અધિનિયમ-૧૯૯૫ તથા તે હેઠળના નિયમો પરત્વે તપાસણી અને સીઝર સહિતની કામગીરી કરવા સત્તા આપવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામું પ્રસિધ્ધિ તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ સમગ્ર અરવલ્લી જિલ્લામાં વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે

આજ તા.૪થી મે.૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:-

(૧) સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯, તા.૦૧.૦૪.૨૦૨૬

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

-: જાહેરનામું:-

નં.એમ.એ.જી./ચૂંટણી/જાહેરનામું/વશી/૨૦૨૬(૯) - ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મહાનગરપાલિકા/નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાનાર છે. જેનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે. અગાઉની ચૂંટણીઓમાં કેટલાક વાંધાજનક એસ.એમ.એસ.(ટુંકા સંદેશ સેવા), એમ.એમ.એસ., સોશીયલ મિડીયા તથા સંદેશા વ્યવહારના અન્ય સાધનો થકી ચૂંટણી પ્રક્રિયાને દુષિત કરવાનો કેટલાક લોકો ધ્વારા પ્રયાસ થયાનું અનુભવ પરથી જણાયેલ છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની આગામી ચૂંટણીઓમાં સ્થાપિત હિતો ધરાવતા ઈસમો ધ્વારા આવો દુરૂપયોગ કરવામાં આવે તેવી શકયતા રહેલ છે. આવા કૃત્યોના લીધે ચૂંટણીના કાયદાની જોગવાઈઓ, આદર્શ આચાર સંહિતા તથા રાજય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશો/સૂચનાઓનો ભંગ થાય છે. આવા અનિચ્છનીય કૃત્યોથી મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા દુષિત થવાની સંભાવના હોઈ આવી પ્રવૃતિઓ તાત્કાલીક અટકાવવી અત્યંત આવશ્યક છે. આ ઉપરાંત ચૂંટણી સંદર્ભમાં શાંત વાતાવરણ ડહોળાઈ જાય તેવા બદઈરાદાથી તેમજ કોમ કે ધર્મ કે જ્ઞાતિ વચ્ચે સંઘર્ષ ઉભો કરવાના હેતુથી કેટલાક ઈસમો ઉશ્કેરણીજનક એસ.એમ.એસ., એમ.એમ.એસ., સોશીયલ મિડીયા તથા સંદેશા વ્યવહારના અન્ય સાધનોનો ઉપયોગ કરે તેવી શકયતા નકારી શકાતી નથી. અનુભવના આધારે અને વ્યાપક મળતી માહિતીના આધારે પ્રસ્થાપિત થયેલ છે કે કોમી તંગદીલી ફેલાવે કે કાયદો અને વ્યવસ્થા જોખમાવે કે ચૂંટણી પ્રક્રિયાને ખોરંભે પાડે તેવા વજુદ વગરના સમાચારો મોબાઈલ ફોનના ગ્રુપ/વ્યકિતગત એસ.એમ.એસ./એમ.એમ.એસ., સંદેશા વ્યવહારના અન્ય સાધનો ધ્વારા પ્રસારિત થાય છે અને આવા ખોટા સંદેશા વ્યવહારની લોકોમાં આપ-લે થવાના પરીણામ સ્વરૂપે કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી સંભાવના રહે છે. મુકત, ન્યાયી તથા તટસ્થ રીતે ચૂંટણી યોજવાના હેતુથી આવી શક્યતાઓનું તાત્કાલીક અસરકારક નિવારણ કરવું અતિ આવશ્યક અને અનિવાર્ય બનેલ છે.

ઉપરોકત બાબતો ધ્યાને લઈ હું પ્રશસ્તિ પારીક, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂએ આથી અરવલ્લી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધીત કૃત્યો :

મોબાઈલ સર્વિસ આપતી કંપનીઓ જેવી કે, વોડાફોન, બી.એસ.એન.એલ., રીલાયન્સ, એરટેલ, આઈડીયા, વીડીયોકોન, ટેલીનોર, રીલાયન્સ જીઓ વિગેરે તેમજ ફેસબુક, ટિવટર, વોટસએપ વિગેરે જેવી સોસીયલ સાઈટ પુરી પાડતી કંપનીઓએ અરવલ્લી જિલ્લાના ચૂંટણી હેઠળના તમામ વિસ્તારોમાં પ્રસ્થાપિત કાયદાનો ભંગ થાય તેવા કે ચૂંટણીની આદર્શ

આચાર સંહિતાનો ભંગ થાય તેવા કે રાજય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશો/સુચનાઓનો ભંગ થાય તેવા કે મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી પ્રક્રિયાને દુષિત કરે તેવા ગ્રુપ/બલ્ક એસ.એમ.એસ., એમ.એમ.એસ. કે અન્ય કોઈ પણ પ્રકારના સંદેશાઓ જાહેરનામા પ્રસિધ્ધિ તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી પ્રસારીત કરશે નહીં કે કરવા દેશે નહીં. વધુમાં રાજકીય સ્વરૂપના કોઈ પણ પ્રકારના સંદેશાઓનું પ્રસારણ મતદાન પુર્ણ થવાના ૪૮ કલાક પહેલા એટલે કે તા.૨૪/૦૪/૨૦૨૬ સાંજના ૧૮:૦૦ કલાકથી તા.૨૬/૦૪/૨૦૨૬ સાંજના ૧૮:૦૦ કલાક સુધી સંપૂર્ણપણે પ્રતિબંધીત કરશે.

આ જાહેરનામાનું ઉલ્લંઘન ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ બીનજામીન લાયક ફોજદારી ગુનો છે. વધુમાં આવું કૃત્ય સબંધિત કાયદા હેઠળ શિક્ષાપાત્ર બનશે. આથી કોઈ કંપનીના સંચાલક, કર્મચારી, એજન્ટ કોઈ રાજકીય પક્ષ કે કોઈ પણ ઈસમ આ હુકમનું ઉલ્લઘન કરશે નહી.

આ જાહેરનામું પ્રસિધ્ધિ તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ સમગ્ર અરવલ્લી જિલ્લામાં વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે

આજ તા.૪થી મે.૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:-

(૧) સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯, cll.૦૧.૦૪.૨૦૨૬

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

-: જાહેરનામું:-

નં.એમ.એ.જી./ચૂંટણી/જાહેરનામું/વશી/૨૦૨૬(૧૦) - ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મહાનગરપાલિકા/ નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાનાર છે. જેનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે. સદરહુ ચૂંટણી સંદર્ભે મતદાનના દિવસે મતદારો મુકત અને ન્યાયી રીતે મતદાન કરી શકે તથા મતદાન પ્રક્રિયામાં કોઈ ખલેલ ન પહોંચે તે જરૂરી હોઈ તેમજ સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તથા શાન્તીપૂર્ણ અને નિષ્પક્ષ મતદાન થાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મતદાન કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરના અંતરમાં (ત્રિજયામાં) અમુક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું પ્રશસ્તિ પારીક, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લા હેઠળના વિસ્તારમાં આવેલ તમામ મતદાન કેન્દ્રો ઉપર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ ૦૦:૦૦ કલાકથી સાંજના ૧૯:૦૦ કલાક સુધી તેમજ પુન: મતદાન કરવાની જરૂર પડે જે તે મતદાન કેન્દ્રો ઉપર તા.૨૭/૦૪/૨૦૨૬ના રોજ ૦૦:૦૦ કલાકથી સાંજના ૧૯:૦૦ કલાક સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું-

(૧) મત માટે પ્રચાર કરવા પર.

(૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા પર.

(૩) કોઈ મતદારને મત આપવા આગ્રહ પુર્વક વિનંતી કરવા પર.

(૪) કોઈ પણ અમુક ઉમેદવારને મત ન આપવા કોઈ મતદારને સમજાવવા પર.

(૫) કોઈ મતદારને ચુંટણીમાં મત ન આપવા સમજાવવા પર.

(૬) ચુંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવા પર.

(૭) મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસસેટ/વોકીટોકી સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ ઉપરોક્ત નોટીફાઈડ વિસ્તારમાં જવા પર.

(૮) વાહનો સાથે આવવા પર.

(૯) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા રાજય ચૂંટણી આયોગ દ્વારા અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યક્તિએ પ્રવેશ કરવા પર.

(૧૦) રાજકીય પક્ષના પ્રતીકો કે ઉમેદવારોના પ્રતીકો લાવવા પર કે કોઈ નિશાનીઓ રાખવા પર.

(૧૧) એક ઉમેદવારના એકથી વધારે મતદાન એજન્ટોને મતદાન મથક ઉપર હાજર રહેવા પર.

(૧૨) કોઈ પણ પક્ષના ચિન્હવાળી સ્લીપો વહેંચવા પર.

(૧૩) મતદાન સમય દરમિયાન મતદાન એજન્ટોને મતદાર યાદી મતદાન મથકની બહાર લઈ જવા પર.

વધુમાં નીચે મુજબના કૃત્યો કરવા ફરમાવું છું.

(૧) મતદાન મથકમાં પ્રવેશવા માટે શક્ય હોય ત્યાં સુધી સ્ત્રી મતદારો માટે અલગ લાઈનની વ્યવસ્થા કરવાની રહેશે. અલગ લાઈન ન થઈ શકે તો જ મતદારોએ એક લાઈનમાં ઉભા રહેવાનું રહેશે.

(૨) મતદારોએ મતદાન મથકમાં એક પછી એક વારાફરતી ક્રમમાં પ્રવેશવાનું રહેશે.

(૩) મતદારોએ મત આપ્યા બાદ તુરત જ મતદાન મથક છોડી દેવાનું રહેશે.

(૪) ૬૫ વર્ષથી વધુ વયના મતદારો, અપંગ મતદારો, નાનું બાળક સાથે હોય તેવા મહિલા મતદારો, સગર્ભા મતદારોને લાઈનમાં ઉભા ન રાખતાં પ્રથમ અગ્રતા આપી મતદાન કરવા દેવાનું રહેશે.

(૫) પુરૂષ અને સ્ત્રી એમ બે લાઈનમાં પણ એક પુરૂષની સામે બે મહિલાઓને મતદાન કરવા દેવાનું રહેશે.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ, મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ, ચૂંટણી આયોગે નિમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના અધિકારીઓ સહિતના મતદાનની ફરજનો હવાલો ધરાવતા અધિકારી/કર્મચારીને ઉપર ક્રમ નં.-૭ તથા ૮ની બાબતો લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસે મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, વોકીટોકી સેટ જેવા સાધન મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારી આ સાધનો જમ કરી શકશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ તથા લાગુ પડતા અન્ય કાયદાઓની જોગવાઈઓ મુજબની સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા.૪થી મે.૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯, તા.૦૧.૦૪.૨૦૨૬

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

-: જાહેરનામું:-

નં.એમ.એ.જી./ચૂંટણી/જાહેરનામું/વશી/૨૦૨૬ (૧૧) - ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મહાનગરપાલિક/ નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ

અરવલ્લી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાનાર છે. જેનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે. મતગણતરીના દિવસે સવારે ૦૭:૦૦ કલાકથી મતગણતરી પુરી ન થાય ત્યાં સુધી મતગણતરી પ્રક્રિયામાં કોઈ ખલેલ ન પહોંચે, મુકત, ન્યાયી અને નિષ્પક્ષા રીતે મતગણતરી થઈ શકે તે માટે કાયદો અને વ્યવસ્થા જાળવવી ખુબ જ જરૂરી હોઈ મતગણતરી કેન્દ્રની અંદર તથા મતગણતરી કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં અમુક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી છે.

વાસ્તે હું પ્રશસ્તિ પારીક (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં જે તે તાલુકાના મતગણતરી કેન્દ્રો તથા તેની આજુબાજુ ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ સવારના ૦૭:૦૦ કલાકથી મતગણતરીની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું-

(૧) મતગણતરી કેન્દ્ર ઉપર કે તેની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોઈપણ વ્યકિત મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જઈ શકશે નહીં કે તેનો ઉપયોગ પણ કરી શકશે નહીં.

(૨) મતગણતરી કેન્દ્રમાં કે તેની આજુબાજુ ૧૦૦ મીટની ત્રિજયામાં કોઈપણ વ્યકિત વાહનો સાથે આવી શકશે નહી.

(૩) મતગણતરી કેન્દ્રમાં ઉમેદવાર, ઉમેદવારના ચૂંટણી એજન્ટ/મતગણતરી એજન્ટ, મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રી/ કર્મચારીશ્રી તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિ પ્રવેશ કરી શકશે નહી.

(૪) મતગણતરી કેન્દ્રમાં કોઈપણ વ્યકિત રાજકીય પક્ષાના પ્રતિકો કે ઉમેદવારોના પ્રતિકો કે કોઈ નિશાનીઓ લાવી શકશે નહીં.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

(૧) રાજય ચૂંટણી આયોગ દ્વારા નિમાયેલા નિરીક્ષકશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ
ચૂંટણી અધિકારીશ્રી, વધારાના ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી મુદ્દા નં.-(૧)માં જણાવેલ ઉપકરણ મતગણતરી કેન્દ્ર સુધી લઈ જઈ શકશે, પરંતુ મતગણતરી હોલમાં જવાના પ્રસંગે આવું ઉપકરણ સાઈલન્ટ મોડમાં રાખવાનું રહેશે.

(૨) કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ તથા સુરક્ષા કર્મચારીઓ સલામતીની દ્રષ્ટિએ જરૂરી હોય તેવા મુદ્દા નં.-(૧) માં જણાવેલ ઉપકરણ મતગણતરી કેન્દ્ર સુધી લઈ જઈ શકશે., પરંતુ મતગણતરી હોલમાં આવું કોઈ ઉપકરણ લઈ જઈ શકાશે નહીં.

(૩) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી/ચૂંટણી અધિકારીશ્રી દ્વારા વાહન પરમીટ આપેલ વાહનો મતગણતરી કેન્દ્રના પોર્ચ સુધી લાવી શકાશે.

(૪) મતગણતરી માટે નિમણૂક આપેલ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને લઈને આવતું વાહન પાકીંગ એરીયા સુધી લાવી શકાશે.

(૫) ઉમેદવાર, ઉમેદવારના ચૂંટણી એજન્ટ/ મતગણતરી એજન્ટ પોતાનું વાહન ચૂંટણી અધિકારીશ્રીએ તે માટે નકકી કરેલ એરીયા સુધી લાવી શકશે.

આ જાહેરનામાનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસે મોબાઈલ ફોન સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો મળી આવશે તો અથવા પ્રતિબંધીત વિસ્તામાં કોઈ વાહન પ્રવેશ કરશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારીશ્રી/કર્મચારીશ્રી આવું સાધન/વાહન જપ્ત કરી શકશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ તથા લાગુ પડતા અન્ય કાયદાઓની જોગવાઈઓ મુજબની સજાને પાત્ર થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ સમગ્ર અરવલ્લી જિલ્લામાં વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા.૪થી મે.૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓના ક્રમાંક:LIB/સ્થા.સ્વ.ચૂ.-૨૬/ડ્રાય ડે/જાહે./૫૮૪/૨૦૨૬, તા.૧૬.૦૪.૨૦૨૬.

(૨) ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨.

-:જાહેરનામું :-

નં.એમ.એ.જી./ચૂંટણી/જાહેરનામું/વશી/૨૦૨૬ (૧૨) - ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મહાનગરપાલિકા/નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬નો ચૂંટણી કાર્યક્રમ તા. ૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ અરવલ્લી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ યોજાનાર છે. જેનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર છે. તેમજ જો પુન: મતદાન યોજવાનું થાય તો તા.૨૭/૦૪/૨૦૨૬ તથા મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ હાથ ધરાનાર છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓના વંચાણે લીધેલ પત્ર-૧થી અરવલ્લી જિલ્લા વિસ્તાર રાજસ્થાન રાજ્યના સરહદી વિસ્તારો સાથે જોડાયેલ છે. રાજસ્થાન રાજ્યમાં દારૂબંધીની નીતિ અમલમાં નથી. આથી આ સરહદી વિસ્તારોમાંથી અરવલ્લી જિલ્લાના વિસ્તારમાં દારૂ કે તેના જેવી નશાકારક ચીજોની ચોરી-છુપીથી ગેરકાયદેસર હેરાફેરી ન થાય તે માટે જરૂરી પગલાં ભરવાના રહે છે. જેથી મતદાન અને મતગણતરીના

દિવસે “ડ્રાય ડે” તરીકે જાહેર કરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ દરમિયાન સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળાવાય રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે “ડ્રાય ડે”નું જાહેરનામું પાડવું જરૂરી જણાય છે.

આથી હું પ્રશસ્તિ પારીક, (આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી જિલ્લો-મોડાસા ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨ હેઠળ મને મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના વિસ્તારમાં દારૂ કે તેના જેવી નશાકારક ચીજોની હેરાફેરી પર પ્રતિબંધ ફરમાવી નીચે મુજબના દિવસોને “ડ્રાય ડે” તરીકે જાહેર કરવા આથી હુકમ કરૂ છું.

- મતદાનનો સમય પુરો થવાના કલાકની સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય એટલે કે, તા.૨૪.૦૪.૨૦૨૬ના સાંજના ૧૮.૦૦ થી તા.૨૬.૦૪.૨૦૨૬ના સાંજના ૧૬.૦૦ કલાક સુધી (જો તા.૨૭.૦૪.૨૦૨૬ના રોજ પુન:મતદાન યોજાય તો પુન:મતદાનનો દિવસ આવરી લેવાનો રહેશે.)
- મતગણતરીનો દિવસ એટલે કે તા.૨૮/૦૪/૨૦૨૬નો દિવસ (મતગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી)

આ જાહેરનામાનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ તેમજ ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૬૮ તથા ૯૦ની જોગવાઈ મુજબ સજા અથવા દંડ અથવા તે બંનેની સજાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ ઈન્સ્પેક્ટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ સમગ્ર અરવલ્લી જિલ્લામાં વર્તમાનપત્રો તેમજ જાહેર નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને બહોળી

આજ તા.૪થી મે.૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.30 15:10:30 IST